ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર, સુરતના નવા મકાન બાંધકામ માટે રૂ.૧૪૯૫/- લાખનો ખર્ચ કરવાની સુધારેલ વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૮/૧૧૮૭૬/નબા./છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૨૫/૦૨/૨૦૨૦

**વંચાણે લીધા:-**

(૧) સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૨/૦૪/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૮/૧૧૮૭૬/ન.બા./છ
(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના તા.૨૮/૦૬/૨૦૧૯ના પત્ર ક્રમાંક:- સસુખા/બકમ/૨૦૧૯-૨૦/૧૭૦
(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના તા.30/0૮/૨૦૧૯ના પત્ર ક્રમાંક:- સસુખા/બકમ/૧૯-૨૦/૨૧૫

**પ્રસ્તાવના:-**

માર્ગ અને મકાન વિભાગની વર્ષ ૨૦૧૮-૧૯ની બજેટ બુક નં. ૨૨-૧, પાના નં- ૩૬૯ ઉપર ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર, સુરતના નવા મકાનના બાંધકામ માટે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં કુલ અંદાજીત રકમ રૂ. ૮૪૬.૫૪ લાખની સામે રૂ.૨૫૧.૭૭ લાખની નવી બાબતની જોગવાઇ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરના વિભાગના તા.૦૨/૦૪/૨૦૧૮ના ઠરાવથી રૂ.૨૫૧.૭૭ લાખનો ખર્ચ કરવાની વહિવટી મંજૂરી આપવામાં આવેલ છે.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાના વંચાણે લીધેલા ક્રમાંક:- (૨) પરના તા.૨૮/૦૬/૨૦૧૯ ના પત્રથી તેમજ વંચાણે લીધેલા ક્રમાંક:- (3) પરના તા.30/0૮/૨૦૧૯ના પત્રથી ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર, સુરતના નવા મકાનના બાંધકામ માટે રૂ.૧૪૯૫ લાખનો ખર્ચ કરવાની સુધારેલ વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ. સદરહુ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:- (૨) પરના તા.૨૮/૦૬/૨૦૧૯ ના પત્રથી તેમજ વંચાણે લીધેલા ક્રમાંક:- (૩) પરના તા.૩૦/૦૮/૨૦૧૯ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને તેમજ માર્ગ અને મકાન વિભાગની વર્ષ ૨૦૧૮-૧૯ની બજેટ બુકમાં સદરહુ બાબતે થયેલ જોગવાઇ ધ્યાને લઇ ભિક્ષુક સ્વિકાર કેન્દ્ર, સુરતના નવા મકાનના બાધકામ માટે રૂ. ૧૪૯૫ લાખનો ખર્ચ કરવાની આથી, સુધારેલ વહીવટી મંજૂરી મૂળ વહિવટી મંજૂરીની શરતોને અધિન આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૯/૦૨/૨૦૨૦ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.બી.વણઝારા)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, સુરત
- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, સુરત
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર વિભાગની વેબસાઇટમાં છ-શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- અધિક્ષકશ્રી, ભિક્ષુક સ્વિકાર કેન્દ્ર, સુરત
- સિલેકટ ફાઇલ